**CCDC - UPSC COACHING CENTRE**
SU - JIO UPSC BHAVAN
SAURASHTRA UNIVERSITY CAMPUS, RAJKOT- 360005.
E-MAIL ID:-upsc@sauuni.ac.in

**તા.: ૦૫-૦૭-૨૦૨૫**

**નમસ્કાર,**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંતર્ગત સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિદ્યાર્થીઓ IAS/IPS બની ઉચ્ચ પદવી હાંસલ કરે તે હેતુથી વર્ષ 2019 થી SU-JIO UPSC ભવન કાર્યરત કરવામાં આવેલું છે.

આ SU-JIO UPSC ભવન **જૈન ઇન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન (JIO)** નાં સંસ્થાપક **પરમ પૂજ્ય નયપદ્મસાગર મહારાજ સાહેબ અને પરમ પૂજ્ય મયણા મહાસતીજીની પ્રેરણા અને આશીર્વાદ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં સાથ અને સહકારથી આ ભવન શરૂ કરવામાં આવેલ છે.**

**આ SU-JIO UPSC ભવન અંતર્ગત કુલ ૨૬ વિદ્યાર્થીઓએ UPSC પ્રિલીમ પરીક્ષા અને બે વિદ્યાર્થીઓએ UPSC MAINS પરીક્ષા સફળતા પૂર્વક પાસ કરી આગળ વધેલ છે, અને આ ભવનના કુલ ૧૦૦+ વિદ્યાર્થીઓ આજે ભારત સરકાર અને ગુજરાત સરકાર અંતર્ગત સેવા આપી રહ્યા છે.**

સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિદ્યાર્થીઓને UPSCનું શ્રેષ્ઠ કોચિંગ મળી રહે તે હેતુથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સંચાલિત આ ભવનમાં JIO (જૈન ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન) તરફથી દિલ્હીનાં **સર્વશ્રેષ્ઠ તજજ્ઞો** દ્વારા વિદ્યાર્થીઓને કોચિંગ આપવામાં આવે છે. આ SU-JIO UPSC ભવનનો ઉદ્દેશ્ય એ જ છે, કે સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિદ્યાર્થીઓ UPSCની પરીક્ષા પાસ કરી IAS/IPS જેવા ઉચ્ચ હોદ્દાઓ પર પોતાનું સ્થાન અંકિત કરી પોતાનું, પરિવારનું, સમાજનું, રાજ્યનું અને દેશનું નામ રોશન કરે અને દેશની ખુબ સારી સેવા કરે, આ ઉદ્દેશ્યથી દિલ્હીના શ્રેષ્ઠ તજજ્ઞો રાજકોટ આવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આંગણે વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવે છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંતર્ગત ચાલતા SU-JIO UPSC ભવનની ૬ વર્ષની ભવ્ય સફળતા બાદ **સાતમાં વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૨૫-૨૬** માટે પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ હતું.

**આ UPSC નાં કોચિંગ માટેની પ્રવેશ પરીક્ષામાં આપ ઉતીર્ણ થયા છો, તે માટે SU-JIO UPSC ભવન સૌને અભિનંદન પાઠવે છે. તથા આપનું હાર્દિક સ્વાગત કરે છે.**

SU-JIO UPSC ભવન અંતર્ગત આપને કુલ <u>બે વર્ષ</u> માટે પ્રવેશ આપવામાં આવે છે. આ બે વર્ષ દરમ્યાન આપે કોઈ પણ પ્રકારની ફી ભરવાની નથી એટલે કે <u>આ સેન્ટર સંપૂર્ણ પણે નિ:શુલ્ક રીતે ચલાવવામાં આવે છે,</u> **પરંતુ <u>8100/- રૂપિયા ડિપોઝિટ રાખવામાં</u> આવેલ છે જે સેન્ટરના નિયમો અનુસાર આપનું કોચિંગ સંતોષકારક રીતે પૂર્ણ થયા બાદ પરત મેળવી શકશો.**

**SU-JIO UPSC CENTREનાં નિયમો જોવા - <u>CLICK HERE</u>**

**ખાસ નોંધ: SU-JIO UPSC ભવનનાં નિયમો વાંચી, સમજ્યા બાદ જ ડીપોઝીટ ભરવી. એક વાર ડીપોઝીટ ભર્યા બાદ કોઈપણ સંજોગોમાં ડિપોઝીટ પરત કે અન્ય વિદ્યાર્થીનાં નામ પર ટ્રાન્સફર કરી શકાશે નહિ, તેમજ ડીપોઝીટ પેટે ભરેલ ફી SU-JIO UPSC ભવનનાં નિયમો અનુસાર જ મળવા પાત્ર રહેશે.**

<u>દરેક ઉમેદવારે પોતાની રહેવા તથા જમવાની વ્યવસ્થા જાતે જ કરવાની રહેશે.</u>

ઉમેદવારોના ડોકયુમેન્ટનું વેરિફિકેશન તારીખ ૧૦/૦૭/૨૦૨૫ (ગુરુવાર)ના રોજ સવારે ૧૦:૩૦ થી રાખવામાં આવેલ છે, આપનું કોચિંગ તારીખ ૧૧/૦૭/૨૦૨૫ (શુક્રવાર) નાં રોજ સવારના ૧૦:૩૦ કલાક થી શરૂ થશે, જેથી આપનો પ્રવેશ વહેલી તકે કન્ફોર્મ કરાવી લેવા અપીલ કરવામાં આવે છે. આપનો પ્રવેશ કન્ફર્મ થયા બાદ જ આપને કાચિંગ માટે બેસવા દેવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

આપનું એડમિશન કન્ફર્મ કરાવવા માટે નીચે આપેલ બેંક અકાઉન્ટમાં આપની ડિપોઝિટની ફી રૂ. ૮૧૦૦/- તા.૧૦/૦૭/૨૦૨૫ સુધીમાં ફક્ત ઓનલાઈન (ગૂગલ પે / ફોન પે / ભીમ UPI / પે-ટીએમ) દ્વારા ભરી શકાશે. અન્ય કોઈ માધ્યમથી ડીપોઝીટ ભરી શકાશે નહિ, જેની દરેક ઉમેદવારોએ ગંભીર નોંધ લેવી.

| | |
|---|---|
| BANK NAME: - | CENTRAL BANK OF INDIA |
| BRANCH: - | SAURASHTRA UNIVERSITY CAMPUS |
| ACCOUNT HOLDER NAME: - | REGISTRAR SAURASHTRA UNIVERSITY |
| ACCOUNT NO.: - | 3843495720 |
| IFSC CODE: - | CBIN0281313 |

જે ઉમેદવારો નિયત સમય મર્યાદામાં ડિપોઝિટ ભરવામાં નિષ્ફળ જશે તેમનુ એડમિશન રદ ગણવામાં આવશે. આપે ભરેલ ડીપોઝીટ ફી ની પહોચ (પૈસા જમા કરાવેલ છે તેવો સ્ક્રીનશોટ) સાચવીને રાખવાનો રહેશે. તા.૧૦/૦૭/૨૦૨૫ (ગુરુવાર)નાં દિવસે ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવતી વખતે નીચે મુજબના ઓરીજીનલ ડોકયુમેન્ટ તથા તેની સ્વ-પ્રમાણિત નકલો સાથે રાખવાની રહેશે.

1) 10TH AND 12TH MARKSHEET
2) LEAVING CERTIFICATE
3) 2 PASSPORT SIZE PHOTO COPY
4) GRADUATION FINAL YEAR MARKSHEET
5) GRADUATION CERTIFICATE
6) BANK DEPOSIT FEES RECEIPT / SCREEN SHOT
7) 1st PAGE OF BANK PASSBOOK
8) AADHAAR CARD

ફરીથી આપ સર્વે વિદ્યાર્થીઓનું SU-JIO UPSC CENTRE હાર્દિક સ્વાગત કરે છે.

આ ભવનનમાં પ્રવેશ મેળવવા તથા પ્રવેશ બાદનાં નિયમો વાંચી, સમજીને આગળ વધશો. પ્રવેશ સબંધિત પ્રશ્નો માટે ભવનના સત્તાવાર ઈ-મેઈલ (upsc@sauuni.ac.in) અથવા ફોન નંબર ૯૫૧૨૮૨૮૫૧૧ ઉપર સંપર્ક કરી શકો છો.

આ ભવન નાં નિયમોમાં ફેરફાર કરવાનો અબાધિત અધિકાર SU-JIO UPSC CENTREનો જ રહેશે.

આભાર.

તારીખ: ૦૪/૦૭/૨૦૨૫

સ્થળ: રાજકોટ

Dr. Sanjay Pandya
Co-ordinator (SU)
SU-JIO UPSC Bhavan

Dr. Mehul Rupani
Co-ordinator (JIO)
SU-JIO UPSC Bhavan